(M)

—— COPY ——


# THE GANDHIDHAM
# CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone :** +91-02836-220977, 220735 • **Mobile :** 99250 37814 • **Fax :** 220888
**e-mail :** info@gccikandla.com • **Website :** www.gccikandla.com


No. GCCI / ૫૫૭

તા.૦૨.૦૧.૨૦૧૮

શ્રી કૌશિકભાઈ પટેલ,
માનનિયમંત્રીશ્રી – મહેસૂલ મંત્રાલય, ગુજરાત રાજ્ય,
બ્લોક – ૧૧, ન્યુ સચિવાલય,
ગાંધીનગર - ૩૮૨૦૧૦

વિષય: કચ્છ જિલ્લાનાં ગાંધીધામ શહેરની લીઝ/સબ-લીઝ હક્કની જમીનોના ફ્રિ હોલ્ડમાં ટ્રાન્સફરના દસ્તાવેજોને બીજીવાર ભરવી પડતી સ્ટેમ્પ ડ્યુટી માંથી મુક્તી આપવા બાબત....

માનનિયશ્રી,

સવિનય જણાવવાનું કે કચ્છ જિલ્લાનાં, ગાંધીધામ શહેરની જમીનોની માલીકી ભારત સરકારની છે. તેનો વહીવટ મુખ્યત્વે દિનદયાલ પોર્ટ ટ્રસ્ટ, ગાંધીધામ કરે છે. જે પૈકી કેટલીક જમીનો તેમના પેટામાં ભાડા પટ્ટા હક્કે ધી સિંધુ રીસ્ટેલમેન્ટ કોર્પોરેશન લી., આદિપુર (SRC Ltd.) કરે છે.

ઉપરોક્ત રીતે ગાંધીધામ શહેર/સંકુલની તમામ જમીન અમોને લીઝ હક્કે કે સબલીઝ હક્કે મળેલ છે. એટલે કે અહીંના તમામ નાગરીકો લીઝી અથવા તો સબ-લીઝી છે. અહીંના ટાઉન પ્લાનીંગ મુજબના જે પ્લોટો/જમીનો ફાળવવામાં આવેલ છે તેના ૯૯ વર્ષનાં ભાડા પટ્ટેદાર કે પેટા ભાડા પટ્ટેદારનાં દસ્તાવેજો થયેલા છે. આ દસ્તાવેજો ઉપર એકવાર ગુજરાત સરકાર દ્વારા નિર્ધારીત નિયમ મુજબની સ્ટેમ્પ ડ્યુટી ભરાયેલ છે. પરંતુ હવે આ જમીનોને કેન્દ્ર સરકાર દ્વારા ફ્રી હોલ્ડ કરવાનો નિર્ણય કરાયેલ છે ત્યારે દિનદયાલ પોર્ટ દ્વારા તેને ફ્રી હોલ્ડમાં રૂપાંતરીત કરવાનાં દસ્તાવેજો ઉપર તેને વેચાણખત ગણીને ફરીથી હાલ પ્રવર્તમાન જંત્રી દરે સ્ટેમ્પ ડ્યુટી વસૂલવામાં આવે છે. આમ, જ્યારે જમીનનાં એક ટુકડાનાં વેચાણનાં દસ્તાવેજ પર એકવાર સ્ટેમ્પ ડ્યુટી વસૂલવામાં આવી હોય ત્યારે જમીનનાં તે જ ટુકડા પર બીજીવાર સ્ટેમ્પ ડ્યુટી વસૂલવી જોઇએ નહિં. આ ઉપરાંત આ મિલ્કતો જ્યારે પણ વેચ-સાટ થાય છે ત્યારે દરેક વખતે વેચાણનાં ધોરણે થતી સ્ટેમ્પ ડ્યુટી તો ભરવામાં આવે જ છે.

આ વિસ્તારનાં નાગરીકોની અને સંસ્થાઓની વર્ષોની લાંબી લડતને અંતે ત્રણ વર્ષ પહેલા આ જમીનોને ફ્રી હોલ્ડમાં ફેરવવા કેન્દ્ર સરકાર તરફથી મંજુરી અપાયેલ છે.

અત્યાર સુધી લીઝ/સબ-લીઝ હક્કની જમીનો પૈકી કેટલીક જમીનોનાં દસ્તાવેજો બનાવી તેના પર દિનદયાલ પોર્ટ દ્વારા વસૂલાતા પ્રિમિયમ પર થતી સ્ટેમ્પ ડ્યુટી ભરી ગાંધીધામ સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીએ રજીસ્ટર કરવા આવા દસ્તાવેજો કલમ ૩૩ હેઠળ જીલ્લા કચેરીને મોકલવામાં આવે છે. જે અંગે ત્યાં તપાસ કરતા આ દસ્તાવેજો પર નવેસરથી વેચાણનાં ધોરણે સ્ટેમ્પ ડ્યુટી ભરવાનો અભિપ્રાય અપાયેલ છે.

ગાંધીધામની લીઝ/સબ-લીઝ હક્કની જમીનોના હાલના છેલ્લા મિલ્કત ધારકે આ જમીનની વેચાણનાં ધોરણે (લીઝ/સબ-લીઝ પર થતી) એક વખત સ્ટેમ્પ ડ્યુટી ભરેલ છે છતાં ફ્રી હોલ્ડનાં ફેરફારને લઈને ફરી વખત સંપૂર્ણ સ્ટેમ્પ ડ્યુટી ભરવી પડે તે અન્યાયી અને કુદરતી ન્યાયનાં સિદ્ધાંત વિરૂદ્ધ હોતાં આ અંગે આપના સ્તરેથી યોગ્ય ન્યાય અપાવવા મહેરબાની કરશોજી.

આભાર સહ!

આપનો વિશ્વાસુ,

B.B. [signature]

બાબુભાઈ બી. હુંબલ
પ્રમુખ